# BUSINESS મિત્ર Plus

## બજારમાં હાલ વોલેટાલિટી ચાલુ રહી શકે છે, યોગ્ય સ્ટોપલોસ રાખીને કામકાજ કરવું

ચાર્ટ એડવાઇઝ

■ રાજા વેંકટરામન

આ પણે સપ્તાહની શરૂઆત થોડી આશંકા સાથે કરી હતી પરંતુ મજબૂત મંદીના દબાણે તમામ તેજીને અટકાવી રાખી છે. સપ્ટેમ્બરમાં તીવ્ર ઉપર તરફના ટ્રેક્શન પછી ચાલુ મહિનો સમગ્ર બુલિશ કેમ્પ માટે ધોવાઈ રહ્યો છે. વલણો રિવર્સલના મર્યાદિત સંકેતો દર્શાવે છે, તેથી આપણે તેજી માટેની શોધ ઘટાડવી જોઈએ. આ સ્તરે વેપાર અથવા રોકાણ એ વ્યક્તિલક્ષી નિર્ણય છે. જેમ કે આપણે જોઈ શકીએ છીએ કે વલણો નકારાત્મક પૂર્વગ્રહ જાળવી રાખવાનું ચાલુ રાખે છે.

મોટાભાગના ક્ષેત્રો બેરિશ મોડ પર હતા અને આ અઠવાડિયે પણ તેમના ઘટાડાને લંબાવી શકે છે. મેટલ, રિયલ્ટી અને PSE સેક્ટરોએ થોડી સંક્ષિપ્ત ગતિ દર્શાવી છે અને આવતા અઠવાડિયે થોડો વેગ બતાવી શકે છે. નિફ્ટી તરફથી કેટલાક હકારાત્મક મોજાઓ હોવા છતાં આપણે બેન્ક નિફ્ટીની બાબતમાં હજુ પણ ત્રિભેટા પર છીએ જેણે છેવટે સપોર્ટ છોડી દીધો છે અને આપણે આવતા અઠવાડિયે આગળ વધી રહ્યા છીએ ત્યારે ઉપર તરફ જવા વધુ જગ્યા મળે તેવું લાગતું નથી. નીચલા સ્તરેથી કેટલીક રિકવરી હોવા છતાં ચાર્ટ સૂચવે છે કે સપ્લાઈઝ ટેકાઓનો ભંગ કરી રહ્યા છે. આખો ઓક્ટોબર મહિનો નિફ્ટીમાં 2000+ પોઈન્ટના ઘટાડાનો કેસ રહ્યો છે અને તે સ્થિતિ બજારને ઓવરસોલ્ડ સ્તર તરફ ધકેલી રહી છે. હાયર ટાઈમફ્રેમના આધારે વલણો રિકવરીનો પ્રયાસ કરી શકે છે કારણ કે ઈન્ડેક્સ લગભગ ૨૩૯૦૦-૨૪૦૦૦ની આસપાસના મહત્વના સપોર્ટ સુધી પહોંચી ગયો છે. ભારતીય શેરબજારમાં તાજેતરનો ઘટાડો મુખ્યત્વે પાંચ પરિબળોને કારણે છેઃ ચીનમાં સારી સંભાવનાઓને કારણે વિદેશી રોકાણકારો દ્વારા નોંધપાત્ર વેચાણ, બીજા ક્વાર્ટર માટે નિરાશાજનક કોર્પોરેટ કમાણીના અહેવાલો, આગામી યુ.એસ.ની ચૂંટણીઓ સંબંધિત અનિશ્ચિતતાઓ, ચાલુ ભૌગોલિક રાજકીય તણાવ અને તાજેતરના બજાર કરેક્શન છતાં સતત ઊંચા મૂલ્યાંકન. આ પરિબળોએ સામૂહિક રીતે રોકાણકારોની સંપત્તિમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે.

OI ડેટા દર્શાવે છે કે 23900 ની આસપાસ આ ક્ષણે લોઅર લેવલ સીલ થઈ ગયું હોય તેવું લાગે છે કારણ કે છેલ્લા સપ્તાહમાં બજાર ખૂબ જ ઝડપથી વધ્યું હોવા છતાં બજારમાં ભાગ લેનારાઓમાં ખંચકાટ છે.

જ્યારે 24000નું લેવલ પુટ રાઈટર્સનું મહત્તમ Oi બિલ્ડઅપ દર્શાવે છે, આપણે હવે આને એક મહત્વપૂર્ણ ઝોન તરીકે ધ્યાનમાં લેવું જોઈએ. આથી, ધ્યાનમાં લો કે વલણોને આ સ્તરે કેટલાક પ્રોફીટ બુકિંગનો સામનો કરવો પડી શકે છે, તેથી આપણે આ સમયે સાવચેત રહેવું જોઈએ અને ડિપ્સનો ઉપયોગ ખરીદી માટે કરવો. આ સમયે શેરબજારમાં ટ્રેડિંગ કરવું ઘણુ મુશ્કેલ છે અને બજારનો માહોલ જોતા યોગ્ય સ્ટોપલોસ રાખીને જ ટ્રેડિંગ કરવું. વોલેટાલિટી હાલ ચાલુ રહી શકે છે અને આવા માહોલમાં પણ યોગ્ય વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને બજારમાંથી નફો લઈ શકાય છે.




### ICICI બેન્ક: (સીએમપી ૧૨૬૨)




કોન્સોલિડેશન પછી આ શેર રિકવરી કરવાનો પ્રયાસ કરતો હોવાનું અવલોકન કરી શકીએ છીએ અને આ કાઉન્ટરમાં સતત ઘટાડો ચાલુ રહ્યો હતો કારણ કે ભાવ હાંફવા લાગ્યા હતા. ગેપ ડાઉન સૂચવે છે કે આ કાઉન્ટરમાં ફરી એકવાર મંદીનો ટ્રેન્ડ વધ્યો હતો. પણ ક્લાઉડ રિજયનમાં ઉભરી રહેલી માંગની સાથે ધીમે ધીમે મજબૂત થઇ રહેલી ગતિથી આ શેર હવે ઉપર તરફ જઇ શકે છે. આ કાઉન્ટરમાં ૧૨૯૫ના લક્ષ્ય માટે ૧૨૪૦ નીચે સ્ટોપ રાખીને ૧૨૭૦ ઉપર અને ૧૨૫૦ સુધીના ઘટાડે ખરીદી શરૂ કરવાની તક ગણી શકાય.

### ઈન્ડિયન હોટલ: (સીએમપી ૬૯૧)




ક્લાઉડ સપોર્ટથી મજબૂત ઉપર તરફના ઉછાળાએ આ કાઉન્ટરમાં નવા દરવાજા ખોલ્યા છે જેની ટ્રેડરો દ્વારા સક્રિયપણે તરફેણ કરવામાં આવી છે. રેન્જ બાઉન્ડ કેન્ડલોની શ્રૃંખલા પાછલી ઉંચાઇઓને દૂર કરવા માટે સંઘર્ષ કરી રહી છે તે પછી લોંગ બોડી બુલિશ કેન્ડલ કેટલીક આશાસ્પદ ચાલ સૂચવે છે. આરએસઆઈ પણ મજબૂત થવાથી આપણે ભાવ ઊંચા જવાની અપેક્ષા રાખી શકીએ છીએ. 705ની નજીકના ઉછાળા માટે 691ની ઉપર અથવા 675ની નજીકના ઘટાડે 665ની નીચે સ્ટોપ રાખીને ખરીદી કરો.

**(લેખક ડો. સી.કે. નારાયણના નેજા હેઠળ 10થી વધુ વર્ષોના અનુભવી છે અને ચાર્ટ વડે દર અઠવાડિયે ચોક્કસ ભલામણ આપશે)**

**ડિસ્ક્લેમરઃ** આ ફક્ત ‘ગુજરાતમિત્ર’ના વાચકોની માહિતી માટે છે અને તે કોઇ રોકાણની સલાહ નથી. આ માહિતીના આધારે તમારા દ્વારા લેવાયેલા કોઇ પણ પગલા માટે તમારી જ જવાબદારી રહેશે. ગુજરાતમિત્ર, ચાર્ટ એડવાઇઝ કે તેની સંલગ્ન કંપનીઓ અને કર્મચારીઓ તમારા દ્વારા લેવાયેલા આવા કોઇપણ પગલામાંથી ઉપજતા સંજાગો માટે કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

**શેરબજાર અંગેના પ્રશ્નો લખી મોકલો ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-ઉના સરનામા પર અથવા ઈ-મેઈલ કરો અમને chartadvise@gujaratmitra.in પર**

## અખાતમાં તનાવ- અમેરિકામાં ચૂંટણી ફિવર વચ્ચે સોનાચાંદીમાં લાવલાવ : શેરોમાં ડિપ કરેકશન

બિરેન વકીલ

અ મેરિકામાં ચૂંટણીઓ ઢુંકડી આવતી જાય છે એમ એમ વૈશ્વિક ફલક પર રાજનીતિ અને અર્થનીતિમાં ગતિવીધીઓ તેજ બની રહી છે. ઈઝરાયેલે ઈરાન અંદાજે 20 જેટલા લશ્કરી મથકો પર હવાઈ તેમજ રોકેટ હુમલા કરતા અખાતમાં તનાવ વધ્યોછે. ઈઝરાયેલે અણુમથકો કે તેલઉત્પાદક ક્ષેત્રો પર હુમલા ટાળ્યા છે. આક્રમણને સંયમિત રાખીને અમેરિકાના આદેશ માન્યા છે. સંયમિત હુમલો હમાસ- ઈરાન પર મંત્રણાનો દબાવ ઉભો કરવાનું લક્ષ્ય હોઈ શકે. હવાઈ હુમલામાં ઈરાની એસ 300 જેવી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમને ક્ષતિ પહોચી હોવાના સમાચારો છે. ઈરાન તરફથી કોઈ જવાબી કારવાઈ થયાના સમાચાર મળતા નથી. ઈરાનના એર ડિટરન્સની અસરકારકતા અંગે પણ અટકળો શરુ ચાલે છે. યુક્રેન-ગાઝા વોર કેવા વળાંકો લેશે એની આગાહી દુષ્કર છે.

યુક્રેનવોરમાં નોર્થ કોરિયાના સૈનિકો રશિયાના કુર્સ્કમાં રણભૂમી પર દેખાયા છે. અંદાજે 3000 જેટલા સ્પેશિયલ ફોર્સિસના સૈનિકો રશિયામાં દેખાયા છે. કોરિયાના પર્વતાળ વિસ્તારોમાં લડવા ટેવાયેલા આ સૈનિકોએ રશિયા-યુક્રેન સપાટ પ્રદેશમાં લડવાનું છે. તરુણ વયના અને કદ કાઠીમાં નીચા કોરિયાઈ સૈનિકોએ પારકા પ્રદેશમાં અને પોતાનાથી કદ કાઠીમાં મોટા ઉંચા સૈનિકો સામે લડવાનું થાય. યુક્રેન હવે રશિયાની અંદર ઉંડે સુધી ડ્રોન હુમલા કરી ઓઈલ-ગેસ અને મિલિટરી એસેટને ટાર્ગેટ બનાવતું હોવાના અહેવાલો પણ છે. યુક્રેન વોર હવે વોર ઓફ એટ્રિશન બની ચૂકી છે.

દરમિયાન આર્થિક મોરચે ભારતીય શેરબજારોમાં એફઆઈઆઈની આક્રમક વેચવાલી ચાલુ રહી છે. ચાલુ વરસે એફઆઈઆઈએ અંદાજે 12 અબજ ડોલરના શેરો અને બોન્ડ વેચ્યા છે. હાલની વેચવાલીમાં ‘’સેલ ઈન્ડિયા બાય ચાઈના’’નો થીમેટિક મેક્રો આર્બિટ્રેજ મુખ્ય ચાલકબળ મનાય છે. છેલ્લા કેટલાક સમયથી ભારતીય કંપનીઓમાં ઉંચા વેલ્યુએશન, ધીમો અર્નીંગ ગ્રોથ, ઉંચા ધિરાણદર ચિંતાના વિષય બની ગયા હતા. કેટલાક હાઈ પ્રોફાઈલ આઈપીઓમાં કંગાળ પ્રતિસાદ, મીડકેપ સ્મોલ કેપ શેરોમાં નોંધપાત્ર કડાકો અને એફએન્ડઓમાં મૂડીનું મોટા પાયે ધોવાણ પણ હાલના ડિપ કરેકશન પાછળનું ચાલકબળ ગણાય. જયાં સુધી સેલ ઈન્ડિયા અને બાય ચાઈનાની વાત છે ત્યા સુધી આ આરબીટ્રેજમાં સેલ ઈન્ડિયા તો તર્કની રીતે સમજાય છે પણ બાય ચાઈનાના મામલે તેજીના નકકર સંકેતો મળતા નથી. વિદેશી રોકાણકારો ચીન તરફ ઝૂકવાના મુખ્ય કારણોમાં એફોર્ડેબલ વેલ્યુએશન અને રાહત પેકેજનો આશાવાદ તેજીકારક મનાય છે. અગાઉ ચીનમાં અનલોકડાઉન અને ગત વરસે રેટકટ અને રાહત પેકેજ વખતે પણ વિદેશી ફંડો ચીન મામલે તેજીમાં આવી ગયા હતા પણ એ તેજી ઠગારી નીવડતા એમનો મોહભંગ થઇ ગયો હતો. ઈન્ડિયા-ચાઈના આરબીટ્રેજ માટે બે વાઈલ્ડ કાર્ડ ઓપન છે. અમેરિકામાં છ નવેમ્બરે નવા પ્રમુખ કોણ હશે એ જોવાનું છે. આજ ગાળામાં 4થી 8 નવેમ્બર ચીનમાં એક નિર્ણાયક બેઠક મળશે એમાં આર્થિક બાબતો પણ એજન્ડામાં છે. લાંબા સમયથી બજાર ચીનમાંથી સ્ટિમ્યુલસની રાહ જોવે છે પણ ચીન કદાચ અમેરિકાની ચૂંટણીના પરિણામ જોયા પછી નીતિઓ નક્કી કરે. છેલ્લા થોડા સમયથી ચીની શેરોમાં રિકવરી છે પણ મેક્રો ડેટા હજૂ ઘણો નિરાશાજનક છે. સપ્ટેમબર માસમાં ઔદ્યોગિક નફો ગત વરસની તુલનામાં 27 ટકા ઘટયો છે. જથ્થાબંધ ભાવો સતત બે વરસથી ઘટાડામાં છે. મતલબ માગ કમજોર છે. ભારત અને ચીન વચ્ચે મેક્રોઈકોનોમીક નંબર જોતા શેરોમાં ઘટાડો હેલ્થી કરેકશન માનવા મન થાય છે. મંદીમાં આવી જવાની ઈચ્છા થતી નથી.

> **આર્થિક મોરચે ભારતીય શેરબજારોમાં એફઆઇઆઇની આક્રમક વેચવાલી ચાલુ રહી છે. ચાલુ વરસે એફઆઇઆઇએ અંદાજે 12 અબજ ડોલરના શેરો અને બોન્ડ વેચ્યા છે. હાલની વેચવાલીમાં ‘’સેલ ઇન્ડિયા બાય ચાઇના’’નો થીમેટિક મેક્રો આર્બિટ્રેજ મુખ્ય ચાલકબળ મનાય છે. છેલ્લા કેટલાક સમયથી ભારતીય કંપનીઓમાં ઉંચા વેલ્યુએશન, ધીમો અર્નીંગ ગ્રોથ, ઉંચા ધિરાણદર ચિંતાના વિષય બની ગયા હતા**



ગત સપ્તાહે રશિયામાં બ્રિકસ દેશોની બેઠકમાં ડિડોલરાઈઝેશન અને વૈશ્વિક ફલક પર ગ્લોબલ સાઉથને ઈકવીટેબલ અને ફેરટ્રિટમેન્ટની ચર્ચા મુખ્ય મુદ્દો હતો. ડોલરની દાદાગીરીથી ઘણા દેશોને ગમતી નથી. એટલે ડિડોલરાઈઝેશનની વાતો ગ્લોબલ સાઉથને ગમતી વાત છે પણ એમાં આશાવાદ વધુ જમીની હકીકતોનો માથામેળ ઓછો છે. ડોલરના વિકલ્પ માટે યુરોપે દાયકાઓ સુધી મહેનત કરી યુરો ઉભો કર્યો એને 25 વરસ થયા પણ ગ્લોબલ રિઝર્વમાં યુરોનો હિસ્સો માંડ 20 ટકા છે. ડોલરનો હિસ્સો 2000માં 70 ટકા હતો તે ઘટીને હાલ 60 ટકા સુધી આવ્યો છે પણ 2050માં પણ ડોલરનો હિસ્સો 45-50 ટકા જેવો રહેશે એ જોતા નજીકના ભવિષ્યમાં ડોલરનો દબદબો ઘટે એમ લાગતું નથી. બ્રિકસ દેશોમાં કોમન કરન્સી માટે ખાટલે મોટી ખોડ એટલે વિશ્વાસની કમી ગણાય. રુબલને પશ્ચિમી પ્રતિબંધો નડે, યુઆનના વિનિમય દર પર ભરોસો કેમ કરવો? બ્રાઝિલમાં રાજકોષિય દેવું અને ઉંચો ફુગાવો સમસ્યા છે. રૂપિયો પણ ફુલ કન્વર્ટિબલ નથી. ડોલર કે યુરોને ટ્રસ્ટ ડેફિસિટનો મુદ્દો નડતો નથી.

બજારોની વાત કરીએ તો અમેરિકામાં ટેસ્લાના શાનદાર પરિણામો પછી સેમિકંડકટર, બીગટેક શેરો સુધર્યા છે. એશિયામાં હોંગકોંગ શેરબજારમાં ડિપ બાયર્સ સક્રિય દેખાય છે. તનાવના માહોલ વચ્ચે ચાંદી એક લાખને પાર અને સોનું 80000 વટાવી ગયું છે. સેફ હેવન એસેટમાં સોનાચાંદીનો દબદબો છે. અમેરિકાની ચૂંટણીમાં કાંટેકી ટકકર છે. બજારને જોઈએ તો ટ્રમ્પ મીડીયા ટ્રુથ સોસયલનો શેર 10 ડોલરથી વધીને 38 ડોલર થયો છે. રિઅલ પોલિટિક, પોલીમાર્કેટની બેટિંગ સાઈટસ પર ટ્રમ્પ આછેરી સરસાઈમાં હોવાનું બતાવે છે. ફેક, ડીપ ફેક, વિદેશી પરિબળોનું સાયબર ઈલેકશન મેડલીંગના કમઠાણ વચ્ચે હાલ તો દિમાગને આરામ આપીએ, દિવાળીની રજાઓ માણીએ. સર્વ વાચકોને દિપાવલીની શુભેચ્છાઓ!

### કોવિડ-19 પછી ભારતીયો વર્તમાનમાં જીવતા શીખી ગયા

## દિવાળીના તહેવારોમાં ગુજરાતીઓનું બજેટ ફ્રેન્ડલી વિદેશ પ્રવાસનું વધી રહેલું આકર્ષણ

ઓફ-બીટ

કો વિડ-19ના ભયાનક રોગચાળામાં વિશ્વભરમાં જે હાહાકાર મચી ગયો હતો, આ રોગચાળાએ તમામને નવા જીવન સાથે અનેક બાબતો શીખવી ગયા છે. મોટા ભાગના દેશો આ રોગચાળામાંથી ઉગરી ગયા બાદ વર્તમાનમાં જીવતા થઇ ગયા છે. જોકે, મોટા ભાગના પશ્ચિમી દેશો વર્તમાનમાં જ જીવી રહ્યા હતા, પણ ભારત સહિતના કેટલાક એશિયન દેશો કે જે વર્તમાન નહીં ભવિષ્યની પણ ચિંતામાં જીવતા હતા, તેઓને આ નવજીવને શીખવી દીધું કે જીવનનો કોઇ ભરોસો નથી, તેથી આજની જીંદગીને માણી લો, કાલની વાતનો વિચાર ન કરો.

આજના જીવનને માણી લેવા માટે કેટલાક દેશો કે જે પ્રવાસન ઉપર જ ફોકસ કરી રહ્યા છે અને તેમના જીડીપીનો મહત્વનો ફાળો પર્યટન જ છે, તેમાં થાઇલેન્ડ, બાલી, કબોંડિયા તથા વિયેતનામ જેવા એશિયન દેશોએ ફોકસ વધારી દીધું છે અને વિશ્વના પ્રવાસીઓને આકર્ષવા માટે અનેક નવા ડેસ્ટીનેશન ઉભા કરી રહ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી વિયેતનામ પ્રવાસન સ્થળ તરીકે ચર્ચામાં આવ્યું છે, જેઓએ પ્રવાસન સ્થળોને વધુ સારી રીતે વિકસાવી રહ્યા છે.

વિયેતનામની ખાસિયત માત્ર પ્રવાસન સ્થળો જ નહીં, પણ તેની સાથે આર્થિક રીતે પરવડે તેની ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વિયેતનામના બે ભાગ ઉત્તર વિયેતનામ હનોઇ અને દક્ષિણ વિયેતનામ હો ચી મીનમાં પ્રવાસીઓ આવતા હતા, પરંતુ સેન્ટ્રલમાં ડા નાંગ કરીને નવુ ડેસ્ટીનેશન વિકસાવી રહ્યા છે, જેમાં પ્રવાસીઓ વધુ આકર્ષિત થાય.

ગુજરાતીઓ માટે વિયેતનામ પસંદ પડી રહ્યું છે, આવનારા દિવાળીઓના તહેવારોમાં વિયેતનામ ખૂબ જ સફળ પર્યટન સ્થળ તરીકે ઉભરી રહેશે.



ખાસ કરીને બાલી કે થાઇલેન્ડના બદલે વિયેતનામ તરફ ફોકસ વધી રહ્યું છે. ગુજરાતીઓ દેશના અન્ય પ્રવાસન સ્થળો પાછળ થનારા ખર્ચથી નજીવો વધુ કે તે જ ખર્ચમાં વિયેતનામ ફરી શકે છે, જે સૌથી મહત્વનું પરિબળ બની રહ્યું છે. બીજી તરફ, ગુજરાતીઓ જે હરવા ફરવા તથા ખાવાના શોખીનો છે, ત્યારે વિયેતનામ ટુરીઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા તેની ઉપર પણ ફોકસ વધારી રહ્યા છે અને વધુને વધુ ભારતીય શેફ વધારી રહ્યા છે, જેથી ભારતીય ફુડસની સમસ્યા હળવી થઇ રહી છે. ડા નાંગમાં પણ 38 જેટલી ભારતીય રેસ્ટોરેન્ટ ખુલેલી છે.

વિયેતનામના નવા ડેસ્ટીનેશન ઉભરી રહ્યા છે, ત્યારે વિયેતનામમાં ભારતીયો અને ખાસ કરીને ગુજરાતી પ્રવાસીઓમાં સતત વૃદ્ધિ થતી જોવા મળી રહી છે અને તેના માટે વિયેટ જેટ દ્વારા નવી નવી ફ્લાઇટસ શરૂ કરવામાં આવી રહી છે. હાલમાં, વિયેટ જેટના માર્કેટિંગ હેડ જેમ્સના કહેવા અનુસાર હનોઇ હો ચી મીનમાં દરરોજની ફ્લાઇટ સુવિધા ઉપલબ્ધ છે, પણ જે રીતે વિયેતનામમાં ગુજરાતી પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે તેના લીધે અમદાવાદથી ડા નાંગની સીધી જ ફ્લાઇટ (વીકમાં બે દિવસ) શરૂ કરી છે.

> **વિયેતનામ ટુરીઝમ ક્ષેત્રમાં ઝડપભેર વિકસી રહ્યું છે, હનોઇ, હો ચી મીન પછી નવું ડેસ્ટીનેશન ડા નાંગ વિકસાવ્યું, ભારતના પ્રવાસન સ્થળોની સરખામણીએ વિયેતનામ, બાલી તથા થાઇલેન્ડ, દુબઇ જેવા પ્રવાસન સ્થળો એર્ફોડેબલ બન્યા**

નવા પ્રવાસન સ્થળ તરીકે વિકસી રહેલા ડા નાંગમાં અનેક હોટલો, રેસ્ટોરેન્ટ, રિસોર્ટસ છે, એમ જણાવતા વિયેટ જેટના માર્કેટીંગ હેડ જેમ્સે કહ્યું કે, પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે, જેમાં ભારતમાંથી ગુજરાત અગ્રેસર રહ્યું છે. ત્યારબાદ મહારાષ્ટ્ર અને સાઉથના પ્રવાસીઓ આવી રહ્યા છે. જેથી વિયેતનામ સરકાર અને વિયેટ જેટનું ફોકસ ભારતીય પ્રવાસીઓ ઉપર છે.

ડા નાંગમાં જોવા લાયક સ્થળોમાં ગોલ્ડન બ્રીજ, ડ્રેગન બ્રીજ, લવ બ્રીજ તથા બાના હીલ જોવા લાયક સ્થળ છે. બાના હીલમાં લેડી બુદ્ધાનું સ્ટેચ્યુ પણ છે, આ સિવાય હીલ પર ફ્રેન્ચ કોલોની પણ છે. બાન હીલ જવા માટે રોપવે છે, જે વિશ્વની સૌથી લાંબો છ કીમીનો છે. આ તમામ સ્થળો પર પ્રવાસીઓને મોજ કરાવે છે.

ટુરીઝમ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર વિયેતનામમાં વધુને વધુ વિશ્વભરના પ્રવાસીઓ આવે તેના માટે નવા નવા પર્યટક સ્થળો વિકસાવવામાં આવી રહ્યા છે, તેની સાથે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રેલ સુવિધા પણ ઉભી કરાશે. જેમાં બુલેટ-હાઇસ્પીડ ટ્રેન પણ શરૂ કરવાની કામગીરી ચાલી રહી છે. જે હનોઇ થી હો ચી માન માત્ર પાંચ કલાકમાં પહોંચાડી દેશે.

ગુજરાતીઓ હરવા, ફરવા અને ખાવાના શોખીનો હોવાથી તેઓ નવા નવા ડેસ્ટીનેશનને પસંદ કરતા હોય છે. જેમાં થાઇલેન્ડ, બાલી, દુબઇ, યુરોપ સહિતના દેશો તરફ ઝુકાવ ધરાવતા હતા, પણ હવે વિયેતનામ તરફ ઝૂકાવ કરતા જોવા મળી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી જાપાનની સરકારે પણ એકસપ્લોર કરવા માટે નિયમો હળવા કરતા જોવા મળી રહ્યા છે જેથી પ્રવાસીઓ જાપાનમાં આવે.